# ભરૂચમાં સાસંદ મનસુખ વસાવાની ઉપસ્થિતમાં સિકલ સેલ દિવસની ઉજવણી

## સિકલસેલ નાબૂદી માટેના લક્ષ્યાંકના ધ્યેયને સિદ્ધ કરવા માટે સહયારો પ્રયત્ન કરવો જોઇએ- મનસુખભાઇ વસાવા




**જનાદેશ પ્રતિનિધિ, ભરૂચ,** વિશ્વમાં આ બીમારી પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશથી પ્રતિ વર્ષ ૧૯ જૂનના રોજ 'વિશ્વ સિકલ સેલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજરોજ આદર્શ નિવાસી શાળા નેત્રંગ ખાતે ભરૂચના સાંસદશ્રી મનસુખભાઇ વસાવાની ઉપસ્થિતિમાં ભરૂચ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સિકલસેલ એનિમિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રી તુષાર સુમેરા અને પ્રાયોજના વહીવટદારશ્રી યોગેશ સાંગલેની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

કલેક્ટરશ્રી તુષાર સુમેરાએ આ પ્રસંગે કહ્યું હતું કે, આ રોગને અટકાવવા માટે આપણે એક લક્ષ્ય લઈને ચાલવું પડશે. આરોગ્ય વિભાગ દ્નારા તમામનું સ્ક્રિનિંગ થાય એ ખૂબ જ મહત્વનું છે. કંઈક ઈનોવેટીવ વિચારી લગ્નગ્રંથિથી જોડાતા પહેલા સ્કીનિંગ ફરજિયાત કરાવી સિકલસેલ તપાસ કરાવામાં આવે તો મંહદ અંશે આપણે આ રોગને અટકાવી શકીયે છીએ. સરકાર સતત કટીબધ્ધ રહી આ રોગને નિમૂલન કરવા પ્રયત્નશિલ છે. એક અભિયાન સ્વરૂપે સતકર્તા સાથે રોગની જાણકારી જ બચવા માટે શ્રેષ્ઠ ઉપાય છે.

અનુ.પાના.૭